હિંમતનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા પૂર્વે પક્ષાંતર મુદ્દે હોબાળો

સામાન્ય સભામાં બે સમિતિઓની રચના બાબતે બંને પક્ષો આમને સામને : સભાની કાર્યવાહી દરમિયાન સભ્યો વચ્ચે તૂ તૂ મે મે થતા મામલો ગરમાયો

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પાસેથી સત્તા છીનવાઈ ગયા બાદ બુધવારે પંચાયતના સભાખંડમાં મળેલી સામાન્ય સભા પૂર્વે કોંગ્રેસના સદસ્યોએ પક્ષ પલટો કરીને ભાજપમાં જોડાયેલા સદસ્યો પાસે જઈ એફીડેવીટ રજુ કરી તેની સચ્ચાઈ અંગે પ્રશ્નાર્થ ઉભા કરી સવાલ પુછતા મામલો એકદમ ગરમાઈ ગયો હતો અને આવેશમાં આવી જઈને કોંગ્રેસે સભાખંડમાંથી બહાર નીકળી ગયા હતા. જોકે સામાન્ય સભાની કાર્યવાહી શરૂ થતા કોંગ્રેસના સદસ્યોએ પોતાનું સ્થાન ગ્રહણ કરી લીધુ હતુ. જેમાં કારોબારી અને સામાજીક ન્યાય સમિતિની રચનામાં મડાગાંઠ સર્જાતા ફરીથી બંને પક્ષના સભ્યો વચ્ચે તૂ તૂ મે મે થતા મામલો ગરમાયો હતો.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસમાંથી ચૂંટાયેલા અંદાજે ત્રણ સભ્યોએ થોડા સમય અગાઉ કોંગ્રેસ છોડી ભાજપનો છેડો પકડતા તાલુકા પંચાયમતાં કોંગ્રેસ પાસેથી સત્તા ભાજપ પાસે જતી રહી હતી. ત્યારબાદ ભાજપે કુનેહ વાપરીને પક્ષ પલટો કરનાર મહિલા સભ્યને પ્રમુખનો શિરતાજ પહેરાવી દીધો હતો. ત્યારબાદ નવી બોડીની બુધવારે પ્રથમ સામાન્યસભા તાલુકા પંચાયતમાં મળી હતી. સભા શરૂ થયા અગાઉ કોંગ્રેસના કેટલાક સદસ્યોએ નવા બનેલા મહિલા પ્રમુખ પાસે જઈને પક્ષાંતર મામલે વિવાદ ઉભો કરીને એફીડેવીટ રજુ કરી તેની સચ્ચાઈ અંગે સવાલ કરતા મામલો ગરમાયો હતો અને થોડોક સમય સદસ્યો ખુરશીમાંથી ઉભા થઈ દેકારો મચાવતા એક ખુરશીને નુકશાન થયુ હતુ. ત્યારબાદ આવેસમાં આવી ગયેલા સદસ્યો બહાર નિકળી ગયા હતા. તો બીજી તરફ ભાજપે સભાની કાર્યવાહી શરૂ કરી દેતા કોંગ્રેસના સભ્યો પાછા આવી ગયા હતા.

ત્યારબાદ સભાની કાર્યવાહીમાં એજન્ડા મુજબ કાર્યવાહી થતા સભામાં તાલુકા પંચાયતની કારોબારી સમિતિ અને સામાજીક ન્યાય અધિકારી સમિતિની રચનાનો મુદ્દો ચર્ચામાં લેવાતા બંને પક્ષો વચ્ચે ફરીથી અફડાતફડી મચી જવા પામી હતી. જેમાં સામાજીક સમિતિમાં કોઓપ્ટ સભ્યએ આવેશ કરવા બાબતે થયેલી ઉગ્ર ચર્ચાને કારણે બંને પક્ષોમાં શાબ્દિક ટપાટપી શરૂ થઈ ગઈ હતી.

દરમિયાન બંને પક્ષોએ બંને સમિતિઓના પ્રમુખ પોતાના પક્ષના બન્યા હોવાના દાવા કર્યા હતા તેમ છતા તાલુકા વિકાસ અધિકારી તથા અન્ય ઉપસ્થિત અધિકારીઓએ આ મુદ્દે આગામી સામાન્યસભામાં આગળની કાર્યવાહી કરવાનુ મુનાસીબ માનીને સામાન્યસભાની કાર્યવાહી પુરી કરી દીધી હતી.

અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં પલટો

મોલપુર, મોડાસા, ભિલોડા પંથકમાં ઝરમર ઝાપટા વરસાદ

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં સતત વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદે વિરામ લેતા ખેડૂતો વાવણી

કામમાં જોતરાયા હતા. આજે વહેલી સવારે વાતાવરણમાં કાળા ડિબાંગ વાદળો અને હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે મોડાસા, માલપુર અને ભિલોડા પંથકમાં ઝરમર વરસાદ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

મોડાસા, ભિલોડા અને માલપુર સહીત જિલ્લાભરમાં આકાશે વાદળો ગોરંભાતા હમણાં મેઘરાજા ધબધબાટી બોલાવશે અને જિલ્લાના વિસ્તારો પાણીથી તળબોળની જિલ્લાવાસીઓની આશાઓ નઠારી નીવડી હોય તેમ ઝરમર વરસાદી ઝાપટાથી નિરાશા વ્યાપી હતી. ઝરમર વરસાદથી વાતાવરણમાં શીત લહેર પ્રસરતા બફારા અને ઉકળાટથી રાહત અનુભવી ખેડૂતો ખેતી કામમાં જોતરાયા હતા. માલપુર ગામમાં વરસાદી ઝાપટું પડતા બજાર સહીત ઠેર ઠેર વરસાદી પાણીના ખાબોચિયા ભરાયા હતા.

મહેસાણા જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને પ્રવાસન સમિતિની બેઠક

મહેસાણા જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક જિલ્લા કલેકટર એચ.કે. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. રાજ્ય સરકાર દ્વારા જિલ્લામાં આવેલ પ્રવાસન સ્થળ માટે આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરવી અને સ્થળોનો સુઆયોજીત વિકાસ માટે પ્રવાસન વિકાસ સમિતિની રચના કરાઈ છે.

મહેસાણા જિલ્લામાં ધરોઈ ડેમ ખાતે ઈકો ટુરીઝમ સફારી પાર્ક, બેચરાજી મંદિર તેમજ પ્રવાસન વિકાસના વિવિધ કામો, મોઢેરા સૂર્યમંદિર સંલગ્ન પાર્કિંગ, જોટાણા અન્નપુર્ણા માતાજી મંદિરના વિકાસ, વડનગર સોમનાથ મહાદેવથી બી.એન. હાઈસ્કુલના ચાર માર્ગીય રસ્તા, અર્બુદા ધામ વિકાસના કામો, સહિત વિવિધ તૈયાર થયેલ કામો અને આગામી સમયમાં તૈયાર થનાર કામોની ચર્ચા કરાઈ હતી.

મોડાસા કોલેજ કેમ્પસ બહાર સ્ટેટ બેંકનું એટીએમ છાશવારે બંધ રહેતા વિદ્યાર્થીઓ પરેશાન

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ધનસુરા રોડ પર આવેલા કોલેજ કેમ્પસ બહાર આવેલું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું એટીએમ નોટબંધી બાદ મોટા ભાગના સમયે બંધ રહેતા કોલેજ કેમ્પસમાં આવેલી ૧૪ કોલેજના વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ અને આજુબાજુના રહેણાંક વિસ્તારના એટીએમ ધારકો અને બેંકના ગ્રાહકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. સ્ટેટ બેંકના કથળતા વહીવટ સામે લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. કોલેજ કેમ્પસ બહાર આવેલ સ્ટેટ બેંકનું એટીએમ સત્વરે ચાલુ કરવાની માંગ પ્રબળ બની છે.

મોડાસા શહેરમાં ધનસુરા રોડ પર આવેલા શૈક્ષણિક સંકુલમાં ૧૪થી વધુ કોલેજોમાં જીલ્લા સહીત આજુબાજુના જીલ્લાના હજજારો વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે દરોરોજ

આવે છે. કોલેજ કેમ્પસ બહાર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું એટીએમ વારંવાર ખોટકાતા અને નાણા ખૂટી પડતા વિદ્યાર્થીઓને ભારે હાલાકી અનુભવવી પડે છે. વિદ્યાર્થીઓને કોલેજની ફી, અભ્યાસની સામગ્રી ખરીદવા માટે નાણાંની જરૂરિયાત સમયેજ એટીએમના શટર પડેલા રહેતા વિદ્યાર્થીઓને નાણા માટે અન્ય એટીએમના ધરમધક્કા ખાવા પડતા હોવાથી સમયની બરબાદી સાથે અભ્યાસને પણ અસર પડી રહી છે.

તદઉપરાંત શૈક્ષણિક સંકુલમાં કર્મચારીઓ સહીત આજુબાજુમાં ૧૦થી વધુ રહેણાંક સોસાયટીના પ્રજાજનો એટીએમના ગમે ત્યારે અને ગમે તે સમયે શટર પાડી દેવાતા નાણા મેળવવા ચાર રસ્તા સુધી લાંબા થવું પડતું હોવાથી લોકોમાં ભારે રોષ ફેલાયો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના જવાબદાર અધિકારી દ્વારા ૨૪ કલાક એટીએમ ચાલુ રહે અને હાલ બંધ પડેલ એટીએમ ચાલુ કરવાની માંગ પ્રબળ બની છે. નોટબંધી બાદ મોટાભાગનો સમય એટીએમ બંધ રહેતું હોવાનું વિદ્યાર્થીઓ અને સોસાયટીના રહીશોએ જણાવ્યું હતું.

ધનસુરા વિશ્વકર્મા ભગવાનજીના મંદિરમાં ગૌરીવ્રત પૂજન યોજાયું

ધનસુરા વિશ્વકર્મા ભગવાનજીના મંદિરમાં ગૌરીવ્રતને લઈને પૂજા નું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે ભાજપ મહિલા મોરચા દ્વારા ફળ ફુટ અને સુકા મેવાનું વિતરણ કરવામાં આવ્યું. આપણી ધાર્મિક પરંપરાઓમાં કુવારીકાઓનું ગૌરીવ્રતનું ખુબ જ મહત્વનું છે. અરવલ્લી જિલ્લાના ધનસુરામાં ગૌરીવ્રતને લઈને બાલિકાઓએ પૂજન કર્યુ હતું. પોતાને શ્રેષ્ઠ વાર મળે એટલે બાલિકાઓ ગૌરીવ્રત રાખે છે. મહેશભાઈ દવેજીએ બાલિકાઓને પૂજન કરાવ્યું હતું સાથે વિશ્વકર્મા મંદિરના મહંત અને અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ પ્રીતિબેન ઠેકડી, સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલત્તાબેન પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, સ્નેહલભાઈ પટેલ સહીત મહિલા મોરચાની બહેનો અને ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસાના દધાલિયા ગામે રોહિત ફળિયામાં

ચાલુ રસોઈએ ગેસની બોટલમાં આગ પકડાતા અફડાતફડી

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લામાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત ગરીબ પરિવારોએ મોટા પ્રમાણમાં લાભ લઈ બળતણમાં લાકડા અને કેરોસીનના ઉપયોગના બદલે રાંધણ ગેસનો ઉપયોગ કરતા થયા છે. ગ્રામ્ય વિસ્તારના મહિલાઓ રાંધણ ગેસ વાપરવામાં હજુ પણ ફાવટ ન હોવાનું ગ્રામ વિસ્તારની મહિલાઓ પાસેથી જાણવા મળ્યું હતું. કેટલાક પરિવારોએ તો રાંધણ ગેસના ઉપયોગની અપૂરતી માહિતીના પગલે ગેસની સગડીઓ પણ ખોલાવથી દૂર રહી પરંપરાગત દૈનિક ઉપયોગમાં જલાઉ લાકડાનો બળતણ તરીકે ઉપયોગ કરી રહી છે. મોડાસા તાલુકાના દધાલિયા ગામે રોહિત ફળિયામાં ગરીબ મહિલા રાંધણ ગેસ પર રસોઈ કરી રહી હતી. ત્યારે અગમ્ય કારણોસર ગેસ સીલીન્ડરમાંના ઉપરના ભાગે ભડાકા સાથે આગ લગતા ભયના માહોલ વચ્ચે મહિલાના પતિએ હિમ્મત દાખવતા સળગતો ગેસનો સિલિન્ડર ઘર બહાર લાવતા અફડાતફડી મચી હતી. આજુબાજુમાંથી લોકો દોડી આવી ભીના ગોદડાં અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવતા

જાનહાની ટળી હતી.

દધાલિયાના રોહિત ફળિયામાં રહેતા દિનેશભાઈ સોમાભાઈ ચમાર ઉજ્જવલા યોજના હેઠળ રાંધણ ગેસ હેઠળ કનેક્શન મેળવ્યું હતું. બુધવારે સવારે તેમના પત્ની ઉષાબેન રસોડામાં ગેસ પર રસોઈ કામ દરમિયાન ગેસ સિલિન્ડરના રેગ્યુલેટરના ભાગે અગમ્ય કારણોસર ધડાકાભેર આગ લગતા મહિલા ફફડી ઉઠી હતી. સીલીન્ડરમાં આગ લગતા મહિલાનો પતિ રસોડામાં દોડી આવી હિંમતપૂર્વક સળગતા સિલિન્ડરને ઘરની બહાર લાવતા ભારે અફડાતફડી મચી હતી. આજુબાજુમાંથી લોકો દોડી આવી સળગતા સિલિન્ડર પર ભીના ગોદડાં અને પાણીનો મારો ચલાવી આગ બુઝાવવામાં સફળતા મળી હતી. સીલીન્ડરમાં બ્લાસ્ટ થયો હોત તો જાનમાલને નુકસાન થવાની દહેશત વચ્ચે દુર્ઘટના ટળતા પરિવાર સહીત ગામ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

હિંમતનગરના યુવકને મધ્યપ્રદેશની મહિલાએ બ્લેકમેલ કરતા ફરીયાદ

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગરના સાબરડેરી નજીક એક મકાનમાં રહેતા યુવકને છેલ્લા બે વર્ષથી પરણીત મહિલાએ લગ્ન કરીને બહાના બતાવી યુવક પાસેથી સોનાનો દોરો લઈ લીધા બાદ વધુ પાંચ લાખ રૂપિયાની માંગ કરી યુવકના સગાસંબંધીઓને બિભત્સ ફોટા મોકલી યુવકને બ્લેકમેલ કરવાના પ્રયાસ બદલ આ યુવકે મધ્યપ્રદેશની પરણીત યુવતી તથા અન્ય એક વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર એ. ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે સાબરડેરી નજીક એક મકાનમાં રહેતા નરેન્દ્રભાઈ કાંતીલાલ માલવીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ આજથી બે વર્ષ અગાઉ મધ્યપ્રદેશના ઝાલી લાડકુઈ ગામની પિંકીબેન કૈલાસચંદ્ર પોતે પરણીત તથા બે સંતાનોની માતા હોવા છતાં નરેન્દ્રભાઈનો વિશ્વાસ સંપાદન કરી તેમની સાથે લગ્ન કર્યા હતા. ત્યારબાદ ભેટમાં રૂપીયા ૨૦ જારનો દોરો લીધો હતો તથા નરેન્દ્રભાઈ પાસેથી રૂ. ૫ લાખની માંગણી કરતા નરેન્દ્રભાઈએ પૈસા આપવાની ના પાડી દીધી હતી.

જેથી પિંકીબેન તથા વિજયભાઈ નામના સખ્સે જુદા જુદા ફેક એકાઉન્ટ બનાવીને બિભત્સ ફોટા તથા અશ્લીલ લખાણ વોટ્સઅપ પર લખી નરેન્દ્રભાઈ તથા અન્ય લોકોને મોકલી બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. તથા નરેન્દ્રભાઈને હિંમતનગર આવી ઉઠાવી જઈ જાનથી મારી નાખવાની ધમકી આપતા આખરે નરેન્દ્રભાઈ માલવીએ પિંકીબેન માલવીયા તથા વિજયભાઈ માલવીયા વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર એ. ડિવીઝન પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

તત્વ કોલેજમાં વૃક્ષારોપણ કરાયુ

શહેરની તત્વ ઈજનેરી કોલેજ ખાતે પર્યાવરણની જન જાગૃતિ અને તેને અનુરૂપ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયેલ હતો. જેમાં સંસ્થાના એન.એસ.એસ. કો. ઓર્ડીનેટર પ્રો. પ્રતિક ચૌહાણ અને સ્પોર્ટસ ઈન્ચાર્જ પ્રો. કૈલાસ સૈની દ્વારા વિવિધ વૃક્ષોનું વાવેતર માટેનું સુંદર આયોજન કરેલ હતુ. આ વૃક્ષારોપણના કાર્યક્રમમાં સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવાર, ટ્રસ્ટના ઉપપ્રમુખ પ્રભુદાસભાઈ પટેલ, રસીકભાઈ પટેલ, મંત્રી ધર્મેન્દ્રભાઈ પટેલ, ટ્રસ્ટી નવીનભાઈ પટેલ, સંસ્થાના આચાર્ય ડૉ. એમ.બી. દિવાન તથા સમગ્ર તત્વ પરિવાર ઉપસ્થિત રહેલ. જેમાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ, વૃક્ષારોપણ થયેલ વૃક્ષોનું જતન કરવાના સોગંદ લીધેલ હતા.

ભારે વરસાદની આગાહીને લઈ તંત્ર દ્વારા આપવામાં આવ્યો હતો આદેશ

તંત્રના આદેશની મજાગ ઉડાવી ધાનેરા વિસ્તારના ત્રણ તલાટીઓ હેડક્વોર્ટરના બદલે ગયા વિદેશ ફરવા : તંત્રના આદેશની મજાગ ઉડાવનાર સામે તંત્ર શું પગલાં ભરશે ?

પાલનપુર, તા. ૨૫

ધાનેરા વિસ્તારમાં કેટલાક તલાટીઓ તલાટીઓ સરકારના આદેશનો અનાદર કરી રહ્યા છે. ભારે વરસાદની આગાહીને લઈ તંત્ર ધ્વરા આદેશ આપવામાં આવ્યો છે કે કોઈ તલાટી તેમજ સરકારી કર્મચારીએ હેડક્વોર્ટર ન છોડવું અને જે રજા ઉપર છે તેમને પરત બોલાવી લેવા પરંતુ ધાનેરા વિસ્તારના કેટલાક તલાટી સરકારના આદેશની માજાગ ઉડાડતા નજરે ચડી રહ્યા છે અને હેડક્વોર્ટર ન છોડવાના બદલે કોઈ પણ પ્રકારની રજા લીધા વગર વિદેશ ફરવા ગયા છે.

સમગ્ર ગજરાત માં ભારે વરસાદ ને લઈ લોકો મુશ્કેલી માં મુકાયા છે ત્યારે લોકો ને પૂરતી સુવિધા મળી રહે તે માટે તંત્ર પણ ખડેપગે કામ કરી રહ્યું છે અને આગામી સમય માં પણ ભારે વરસાદ ની આગાહી હોવાના લીધે તંત્ર ધ્વરા આદેશ આપવામાં આવ્યા છે કે તલાટી કે કોઈપણ સરકારી કર્મચારી હેડક્વોર્ટર ન છોડે ત્યારે તંત્ર આ આદેશ ની ધાનેરા ના કેટલાક તલાટીઓ માજાગ ઉડાવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે સરકાર નો આદેશ ન માની આ તલાટીઓ મુશ્કેલી માં લોકોને મદદ રૂપ થવાના બદલે સરકાર પાસેથી કોઈપણ જાત ની રજા લીધા વગર વિદેશ ફરવા ગયા છે ત્યારે આ જોઈ લાગી રહ્યું છે કે જે તલાટી તંત્ર ની વાત ન માનતા હોય તે તલાટીઓ લોકો ની વાત શું સાંભળતા હશે તે પણ એક મોટો સવાલ છે ત્યારે આ બાબતે ધાનેરા તાલુકા વિકાશ અધિકારી સોલંકી ને પૂછતાં તેમને જણાવ્યું હતું કે આ તલાટીએ કોઈપણ જાતની રજા મંજુર કરવામાં આવી નથી અને આ તલાટીઓ એ રાજા ની માંગણી કરી હતી પરંતુ રજા નામંજૂર કરી હતી ત્યારે હવે જોવાનું એ રહે છે કે તંત્ર ના આદેશ ની માજાગ ઉડાવનાર તલાટીઓ સામે તંત્ર શું પગલાં ભરે છે.

મહેસાણા જિલ્લા કક્ષાના વન મહોત્સવની કડી ખાતે ઉજવણી કરાશે

મહેસાણા જિલ્લામાં ૬૯મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. મહેસાણા જિલ્લા કક્ષાના વન મહોત્સવની નાની કડી સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ ખાતે ૨૯-૦૭-૧૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે ઉજવણી કરવામાં આવશે. આ અવસરે મહેસાણા જિલ્લાના પ્રભારી મંત્રી, મહિલા બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબહેન દવે, કલેક્ટર એચ.કે. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણી સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

મહેસાણા જિલ્લામાં જિલ્લા અને તાલુકા કક્ષા એમ બે તબક્કામાં વન મહોત્સનવની ઉજવણી કરવામાં આવશે. જિલ્લાના ગામોમાં ગ્રામ્ય કક્ષાએ વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. મહેસાણા જિલ્લામાં વિનામુલ્યે રોપા વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાંતિજ તાલુકામાં ઓછો વરસાદ છતા ડાંગરનું ધુમ વાવેતર

ગવાર, મકાઈ અને મગ ઉગીને જમીનમાંથી નિકળી ગયા : તાલુકામાં ૧૫ હજાર હેક્ટર કરતાં વધુ વાવેતર

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે સૌથી ઓછો વરસાદ પ્રાંતિજ તાલુકામાં ભલે થયો હોય પરંતુ તાલુકાના સાહસિક અને માથે જોખમ ઉઠાવીને ખેત કરતા ખેડૂતો અન્ય તાલુકાઓની તુલનામાં વધુ છે ત્યારે અત્યાર સુધીમાં તાલુકામાં દસ હજાર હેક્ટરથી વધુ જમીનમાં ડાંગરની રોપણી કરી પાણીવાળા વિસ્તારના ખેડૂતોએ રોપણી કર્યા બાદ ખાતરનો ડોઝ આપવાનું શરૂ કરી દીધુ છે. જોકે તાલુકામાં અનેક ખેડૂતોએ આકાશી પાણી ગણાતા ગવાર, મકાઈ અને મગની ખેતી કરીને પાકને ઉગાડી દીધો છે.

આ અંગેની વિગત એવી છેકે સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે સૌથી વધુ વરસાદ હિંમતનગર તાલુકામાં ૪૮૯ મી.મી. એટલે કે અંદાજે ૨૫ ઈંચ પડ્યો છે તેની સરખામણીમાં ઈડરમાં ૪૩૩ જ્યારે વિજયનગરમાં ૩૮૮ મી.મી. વરસાદ તા. ૨૫ જુલાઈ ૨૦૧૮ સુધીમાં પડ્યો હોવાનું જિલ્લાના ડિઝાસ્ટર વિભાગનું કહેવુ છે. તેમના જણાવાયા મુજબ પ્રાંતિજ તાલુકામાં અત્યાર સુધી ફક્ત ૧૭૪ મી.મી. એટલે કે સાત ઈંચ વરસાદ પડ્યો છે. અન્ય તાલુકાઓની સરખામણીમાં ખુબજ ઓછો કહી શકાય.

તેમ છતાં તાલુકાના ખેડૂતોએ વરસાદ ઓછો પડ્યો હોવા છતાં તાલુકાના સોનાસણ, રસુલપુર, પલ્લાચર, પોગલુ, મેમદપુર, વદરાડ, બાકરપુર સહિત ત્રીસથી વધુ ગામોના સીમમાં આવેલ ચેકડેમ તથા બોરકુવાઓમાં પાણી ઉંડા જતા રહ્યા છે ત્યારે તાલુકાના ખેડૂતોએ સાહસ કરી અત્યાર સુધીમાં દસ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં ડાંગરની રોપણી કરીને તેમાં પોષક તત્વો મળી રહે તે માટે રાસાયણિક ખાતરનો ડોઝ આપવાનું શરૂ કરી દીધુ છે. જોકે જે ખેતરોમાં ડાંગરમાં પાણીનો સંગ્રહ ઓછો થાય છે તેવા ખેતરોમાં ડાંગરમાં ઘાસ ન થાય તે માટે ઘાસની દળ નાખવાનુ શરૂ કર્યુ છે.

ઉપરાંત જે ગામડાઓમાં બોરકુવાના પાણીની તકલીફ છે તેવા ખેડૂતોએ પણ ચોમાસામાં પોતાનું ખેતર વાવેતર વિના પડતર ન રહે તે માટે ભગવાન ભરોસે આકાશી પાક તરીકે ઓળખાતા મકાઈ, મગ અને ગવાર વાવી દીધો છે જ્યારે બાકીની પડતર જમીનમાં ૧૫મી ઓગષ્ટ બાદ ખેડૂતો દિવેલાનુ વાવેતર કરી દેશે. હાલ તો તાલુકામાંથી પસાર થતી નદીઓ કોરીધાકોર ભાસી રહી હોવા છતાં તાલુકાના ખેડૂતોએ ચોમાસા પાકની વાવણી માટે જે સાહસ કર્યુ છે તેનું કેવો અને કેટલો ફાયદો મેઘરાજા કરાવશે તે અંગે હાલ કંઈ કહી શકાય નહી.